અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

સરદાર વલ્લભભાઇ પટેલ ભવન, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ – ૧૪.

**Application Form** **ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૫/૦૧/૨૦૨૪**

# સાણંદ ન.ર.યો. ૪-એ ના અંતિમ ખંડ નં. ૩૧ ખાતે EWS-II પ્રકારના આવાસ યોજનાના કુલ ૭૫૬ યુનિટ માટેનુ અરજીફોર્મ

## મહત્વની સુચના

(૧) ફોર્મની તમામ વિગતો ફરજીયાત ભરવાની રહેશે. અધુરા ભરેલ ફોર્મ અમાન્ય રહેશે. ફોર્મ ફી રૂ. ૨૦૦/- અને ડીપોઝીટ પેટે રૂ.૭૫૦૦/- જમા કરવાના રહેશે અને ડીપોઝીટ પરત કરવાના કિસ્સામાં વિના વ્યાજે પરત કરવામાં આવશે.

(૨) વ્યક્તિદીઠ એક ફોર્મ જ ભરી શકાશે. એકથી વધુ ફોર્મ ભરેલ હોવાનું માલુમ પડશે તો તમામ ફોર્મ/એલોટમેન્ટ રદ કરી ભરેલ ડિપોઝીટની પુરેપુરી રકમ જપ્ત કરવા સુધી કાર્યવાહી કરવામાં આવશે.

(3) કોઈપણ સંસ્થા/પેઢી/ટ્રસ્ટ/HUF કે કંપનીના નામે અરજી કરી શકાશે નહી. એક કુટુંબ એક જ આવાસ મેળવવા હકદાર રહેશે. ભારતનો નાગરીક હોય અને કમાતો પુખ્તવયનો પરીણિત કે અપરીણિત વ્યક્તિ અલગ કુટુંબ તરીકે ગણી શકાશે.

(૪) ફોર્મમાં ખોટી માહિતી ભરવાથી રદ થનાર ફોર્મ બાબતે અથવા રીફંડ બાબતે ઉદભવતા પ્રશ્નોની સંપૂર્ણ જવાબદારી અરજદારની રહેશે. આથી તમામ વિગતો સાચી અને સ્પષ્ટ લખવી. અરજદારશ્રીએ ફોર્મ એક વાર ભરવાનું રહેશે અને ફોર્મ ભર્યા બાદ જો કોઈ સુધારાની કે પ્રમાણપત્ર ઉમેરવાની જરૂર જણાય તો અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ સુધી અરજદાર દ્વારા અગાઉ ભરેલ ફોર્મમાં ઉમેરો (એડીટ) કે સુધારા વધારા કરી શકાશે..

(૫) અરજદાર અને તેના કુટુંબના સભ્યની તમામ વિગત અરજીપત્રક માં દર્શાવેલ હશે, તેને કાયમ ગણવામાં આવશે. તેમાં કાયદાકીય અધિકૃતતા સિવાયનો કોઇ પણ પ્રકારનો ફેરફાર માન્ય રાખવામાં આવશે નહીં. જે કિસ્સામાં પતિ-પત્નીના છૂટાછેડા થયેલ હોયતો તેવા કિસ્સામાં નામ. કોર્ટનો હુકમ ફરજીયાત રજુ કરવાનો રહેશે અન્યથા અરજી/આવાસની ફાળવણી આપોઆપ રદ ગણાશે.

(૬) આ યોજના હેઠળ અરજદાર અને તેના કુટુંબના સભ્યોની થઈને કુલ વાર્ષિક આવક મર્યાદા રૂ.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) સુધીની છે. જો અરજદાર ઉપર્યુક્ત આવક મર્યાદાથી વધુ આવક ધરાવતો હોવાનું માલુમ પડશે તો તે અરજીપત્રક/ ફાળવણી રદ કરવામાં આવશે.

(૭) અનામત કેટેગરીના અરજદારોએ પોતાની જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રને સ્કેન કરી ફરજીયાત અપલોડ કરવાનું રહેશે. અરજદાર પતિ અથવા પત્ની અલગ અલગ જાતિના હોય તેવા કિસ્સામાં જેના નામે ઓનલાઈન અરજી કરવામાં આવેલ હશે તેની જ જાતિ અંગેનો પૂરાવો માન્ય રાખવામાં આવશે.

(૮) આરક્ષણ કેટેગરીમાં સમાવિષ્ટ અરજદારે પોતાની જાતિ અંગેની સાચી વિગત કાળજીપૂર્વક ભરવી. અપલોડ કરેલ જાતિ પ્રમાણપત્ર મુજબ કેટેગરી માન્ય ગણવામાં આવશે. ઓનલાઈન અરજી ફોર્મમાં જાતિના પ્રમાણપત્ર નંબર અવશ્ય લખવાનો રહેશે

(૯) દિવ્યાંગ અરજદારોએ વિકલાંગતાનો લાભ મેળવવા (૪૦% કે તેથી વધુ અંગેનું) સિવિલ સર્જનના અસલ પ્રમાણપત્રને સ્કેન કરી અપલોડ કરવાનું રહેશે. દિવ્યાંગજનો/શારીરિક ખોડખાંપણ અથવા જાતિની કેટેગરી પૈકી કોઈપણ એક કેટેગરીનો લાભ મળવી શકશે.

(૧૦) અરજદાર ભારતભરમાં ક્યાંય પણ માલિકીનું/પોતાના નામે/કુટુંબની વ્યકિતનાં નામે આવાસ ધરાવતા નથી તે મતલબનું સ્વ ઘોષણા (Self- Declaration) ડાઉનલોડ કરી રૂ.૫૦/- ના સ્ટેમ્પપેપર ઉપર ફોટોગ્રાફ સાથે નોટરી કરાવીને અપલોડ કરવાનું રહેશે, તથા સોંગદનામાંમા રજૂ કરેલ વિગતો કોઈપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો આવાસની ફાળવણી રદ કરવામાં આવશે, તથા ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૧૧) ઓનલાઇન અરજી કરતા સમયે અરજીપત્રકમાં જરૂરી એવા તમામ પુરાવા અપલોડ કરવાના રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ બાદ કોઇ પણ તબક્કે અરજદાર આ અરજી સંબધે કોઇ પુરાવા રજુ કરી શકશે નહિ.

(૧૨) આ યોજના હેઠળ અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલ માહિતી તથા આધારો સાચા ન હોવાનું પુરવાર થાય તેવા અરજદારના કિસ્સામાં યોજના અંતર્ગત આવાસ ફાળવણી રદ કરવા અંગેનો નિર્ણય થયા બાદ ઉપરોક્ત રૂ.૭,૫૦૦/- ( અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા ) તથા અન્ય જમા કરેલ રકમ જપ્ત કરવામાં આવશે અને પરત મળવાપાત્ર થશે નહિં. ઓનલાઈન અરજીપત્રક ભરતી વખતે જો એક કરતાં વધુ વાર  નાણાં જમા થાય તો તેવા કિસ્સામાં અરજદારે પરત લેવા માટે ઔડા કચેરીમાં આધારપુરાવા રજૂ કરી સૂચવ્યા મુજબની અરજી કરવાની રહેશે.

(૧૩) આવાસ ફાળવણી અંગે જે કોઇ લિગલ ચાર્જ ભરવાનો થાય તો લાભાર્થીએ ભરવાના રહેશે.

(૧૪) દર્શાવેલ પ્લાનીંગ અને બાહ્ય દેખાવ સુચિત છે તેમા ટેકનીકલ જરૂરિયાત મુજબ ફેરફાર થવાની શક્યતા છે. આવાસોના યુનિટ પ્લાન, સ્થળ સ્થિતિ વિગેરેમાં ફેરફારની સંભાવના રહેશે. જે બાબતે અરજદારોનો હક્ક દાવો, રજુઆતો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આ યોજનામાં ફેરફાર કરવા અથવા મુલત્વી રાખવાનો સત્તામંડળનો અબાધિત અધિકાર રહેશે. જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

(૧૫) સાણંદ T.P.S.No 4/A, F.P.No 31 ખાતે EWS-II પ્રકારના આવાસોની ફાળવણીની કોમ્પ્યુટરાઈઝડ ડ્રોથી સત્તામંડળ દ્વારા કરવામાં આવશે. ફાળવેલ મકાન સિવાય અન્ય સ્થાને કે માળે મકાન ટ્રાન્સફર કરી આપવાની કોઇ માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૧૬) આ Online અરજી કરવાની છેલ્લી તારીખ.૧૫/૦૧/૨૦૨૪ અને સમય ૧૮.૦૦ કલાક સુધી રહેશે. ત્યારબાદ કોઈપણ Online અરજીપત્રક કે વિનંતી પત્ર સ્વીકારવામાં આવશે નહિ.

## અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ – અમદાવાદ

## પરિશિષ્ટ-૧

### આર્થિક રીતે નબળા વર્ગ માટે રહેઠાણની યોજના (EWS-II) હેઠળ આવાસ મેળવવા માટેની અરજી માટેની શરતો

(૧) અરજદારના કુટુંબની નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૦૧/૦૪/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩ સુધી) મહત્તમ વાર્ષિક આવક રૂ.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ની મર્યાદામાં હોવી જોઇએ (આવક અંગે મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી / સક્ષમ સરકારી અધિકારીશ્રીનું પ્રમાણપત્ર અથવા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ (એસેસમેન્ટ વર્ષ-૨૦૨૩-૨૪) ના આવકવેરા રીર્ટનની ખરી નકલ રજુ કરવી. આ યોજના માટે જ્યાં જ્યાં કુટુંબનો ઉલ્લેખ કરાયેલ છે. ત્યાં કુટુંબ એટલે પોતે, પોતાની પત્ની/પતિ તથા તેમના અપરણિત બાળકો, કુટુંબનો પુખ્ત વયનો સભ્ય ભારતદેશમાં પાકુ મકાન કે જમીનનો પ્લોટ ન ધરાવતો હોય તો તેનો વૈવાહિક દરજ્જો ધ્યાને લીધા વગર PMAY યોજના હેઠળ આવાસ મેળવવા હકદાર છે.

(૨) અરજદાર ભારતનો નાગરીક હોવો જોઇએ તથા અરજદારના કે તેના કુટુંબના સભ્યોના નામે સમગ્ર ભારતમાં મકાન/પ્લોટ/ફ્લેટ ન હોવું જોઇએ તથા <u>અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ વિસ્તારનો રહેવાસી</u> હોવો જોઇએ. અરજદારના કે શરત ક્રમાંક-૧ થી વ્યાખ્યાયિત કરેલ કુટુંબના કોઇપણ સભ્યના નામે ભારત દેશમાં રહેણાંકનું મકાન કે ફ્લેટ સરકારી કાયદા હેઠળ રચાયેલ કોઇ કો.ઓ.સોસાયટીમાં કે ભાડા ખરીદ યોજના હેઠળ કે અન્ય કોઇપણ રીતે માલિકીનું મકાન કે ફ્લેટ ધરાવતો ન હોવો જોઇએ.

- અરજદાર ભાડુઆત હોવાના કિસ્સામાં, અરજદારે તાજેતરનો ભાડા કરાર જમા કરાવવાનો રહેશે.
- જો સંયુક્ત કુટુંબમા રહેતા હોઇ તેવા કિસ્સામાં સોગંદનામું આપવાનુ રહેશે.
- અરજદાર દ્વારા જમા કરાવવામાં આવનાર લાઇટબીલ/મ્યુનિસિપલ ટેક્ષ બીલ અરજીફોર્મમાં દર્શાવ્યા મુજબના સરનામાનું હોવું જોઇએ.
- ઉપરોક્ત મુદ્દે જો કોઇ ખોટી રજુઆત કરાયેલી હોવાનું ધ્યાનમાં આવશે તો એલોટમેન્ટ રદ કરીને ભરેલ ડીપોઝીટની પુરેપુરી રકમ જપ્ત કરવામાં આવશે.

(૩) અરજદાર જો પતિ/પત્નીના સંયુક્ત નામે આવાસ મેળવવા માંગતા હોય તો અરજીપત્રકમાં પતિ/પત્ની બંનેએ અરજદાર તરીકે સહી કરવાની રહેશે. સત્તામંડળ પ્રથમ નામે સીધો પત્ર વ્યવહાર કરશે. આવાસની ફાળવણી તથા મિલક્ત ધારણ કરવાના હક્કોનો દસ્તાવેજ સંયુક્ત નામે મળશે. અરજી કર્યા બાદ સંયુક્ત નામે ફાળવણી કરવા સંબધે રજુઆત કરવામાં આવશે. તો તે બાબતે નિર્ણયનો સત્તામંડળનો અબાધિત અધિકાર રહેશે. અરજદાર પતિ-પત્ની અલગ અલગ જાતીના હોય તેવા કેસમાં જેના નામે અરજી કરવામાં આવેલ હશે તેની જ જાતી અંગેનો પુરાવો માન્ય રાખવામાં આવશે. કોઇપણ સંસ્થા/પેઢી/ટ્રસ્ટ/HUF કે કંપનીના નામે પણ અરજી કરી શકાશે નહી. કુટુંબદીઠ માત્રને માત્ર એક અરજી વ્યકિતગત નામથી જ કરી શકાશે.

(૪) અરજદાર અને તેના કુટુંબના સભ્યની તમામ વિગત અરજીપત્રક માં દર્શાવેલ હશે, તેને કાયમ ગણવામાં આવશે. તેમાં કાયદાકીય અધિકૃતતા સિવાયનો કોઇ પણ પ્રકારનો ફેરફાર માન્ય રાખવામાં આવશે નહીં. જે કિસ્સામાં પતિ-પત્નીના છૂટાછેડા થયેલ હોયતો તે સંદર્ભે નામ. કોર્ટનો હુકમ ફરજીયાત રજુ કરવાનો રહેશે અન્યથા અરજી/આવાસની ફાળવણી આપોઆપ રદ ગણાશે.

(૫) ઓનલાઇન અરજી કરતા સમયે અરજીપત્રકમાં જરૂરી એવા તમામ પુરાવા અપલોડ કરવાના રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ બાદ કોઇ પણ તબક્કે અરજદાર આ અરજી સંબધે કોઇ પુરાવા રજુ કરી શકશે નહિ. અરજી સ્વીકાર કે અસ્વીકાર બાબતે તથા અન્ય શરતો અથવા તો પ્રક્રિયા બાબતે વિવાદ થવાના કિસ્સામાં મુખ્ય કારોબારી અધિકારી શ્રી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. જે બંધનકર્તા રહેશે.

(૬) આરક્ષણ કેટેગરીમાં સમાવિષ્ટ અરજદારે પોતાની જાતિ અંગેની સાચી વિગત કાળજીપૂર્વક ભરવી. અપલોડ કરેલ જાતિ પ્રમાણપત્ર મુજબ કેટેગરી માન્ય ગણવામાં આવશે. ઓનલાઈન અરજી ફોર્મમાં જાતિના પ્રમાણપત્ર નંબર અવશ્ય લખવાનો રહેશે.

(૭) આરક્ષણ કેટેગરીમાં જાતિ આરક્ષણ મેળવવા ગુજરાત રાજ્ય સિવાય બહારના રાજ્યનું જાતિ પ્રમાણપત્ર માન્ય રાખી શકાતું નથી. આવા અરજદારોએ તેમના ગુજરાતમાં થયેલા અધિકૃત વસવાટના સમયગાળાને ધ્યાનમા લઇ તેઓ તે સમયગાળા મુજબ જાતિ પ્રમાણપત્ર મેળવવાની યોગ્યતા ધરાવતા હોય તો ગુજરાત રાજ્યના સબંધિત સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. તેથી, જો તેવું પ્રમાણપત્ર રજુ કરવામાં નહી આવે તો અરજી/ફાળવણી રદ કરવામાં આવશે.

(૮) આરક્ષિત કેટેગરી માટે મકાનો ફાળવવા નીચે મુજબ આરક્ષણ ફાળવવામાં આવેલ છે. કેટેગરી અંગેનું પ્રમાણપત્ર અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) મંગાવે ત્યારે અસલ જાતી અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું/દર્શાવવાનુ રહેશે. જાતિ અંગે અપલોડ કરેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે. જાતિની ખોટી રીતે ટીક માર્ક કરેલ કિસ્સામાં અપલોડ કરવામાં આવેલ જાતિ પ્રમાણપત્ર જ ધ્યાને લેવામાં આવશે. અથવા જો જાતિ અંગેનું પ્રમાણપત્ર અપલોડ કરવામાં નહી આવે તો તેવી અરજીફોર્મને જનરલ કેટેગરીમાં સમાવેશ કરવામાં આવશે. જાતિ અંગેનુ પ્રમાણપત્ર અરજી કરનાર અરજદારનું જ માન્ય ગણાશે.

| કેટેગરી | ટકાવારી | પ્રમાણપત્ર |
|---|---|---|
| ડીફેન્સ | ૧૦% | સેક્રેટરી, જીલ્લા સૈનિક બોર્ડ/જીલ્લા સૈનિક કલ્યાણ કચેરી/જીલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ દ્વારા અપાયેલુ પ્રમાણપત્ર |
| અનુસૂચિત જાતિ | ૭% | ગુજરાત રાજયના આ હેતુ સારુ નિયત કરેલ ગુજરાત રાજ્યના સક્ષમ સરકારી અધિકારીશ્રી દ્વારા અપાયેલ પ્રમાણપત્ર |
| અનુસૂચિત જનજાતિ | ૧૪% | |
| સામાજિક અને આર્થિક રીતે પછાત | ૧૦% | |
| દિવ્યાંગજનો/શારીરિક ખોડખાંપણ | ૫% | સિવિલ સર્જન દ્વારા અપાયેલ પ્રમાણપત્ર |

(૯) આરક્ષિત કેટેગરીમાં પૂરતી અરજી ન આવે તો તેના કવોટા અન્ય કેટેગરીમાં તબદીલ થશે અને તેમાં પણ અરજીઓ ન આવે તો તેવો ખાલી રહેતા કવોટા જનરલ કેટેગરીમાં તબદીલ કરાશે. આ બાબતે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) નો નિર્ણય આખરી ગણાશે. અને બંધન કર્તા રહેશે અને માન્ય રાખવાનો રહેશે. અરજદાર પતિ અથવા પત્ની અલગ અલગ જાતિના હોય તેવા કિસ્સામાં જેના નામે ઓનલાઈન અરજી કરવામાં આવેલ હશે તેની જ જાતિ અંગેનો પૂરાવો માન્ય રાખવામાં આવશે.

(૧૦)સદરહું આવાસની ફાળવણી પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત કરવામાં આવતી હોઈ, તે પૈકી PMAY માર્ગદર્શિકાના ચાર ઘટક જેવા કે AHP (એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેકટ), BLC (બેનીફીશીયરી લીડ કન્સ્ટ્રકશન), CLSS (ક્રેડીટ લીન્ક સબસીડી), ISSR (ઈન સીટુ સ્લમ રીહેબીલીટેશન) માંથી એક જ ઘટકમાં સહાય મળવાપાત્ર છે. ઉપરોક્ત ચાર ઘટક પૈકી કોઈપણ ઘટકમાં જો લાભ મેળવેલ હશે તો અરજીફોર્મ/ફાળવેલ આવાસ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા રદ કરી ભરેલ રકમ જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૧)કોમ્પ્યુટરાઇઝડ ડ્રોથી પ્રાયોરીટી યાદી નક્કી થયાથી આવાસનો કબજો સોંપવામાં આવે તે દરમિયાન અરજદાર દ્વારા સ્વવિનંતિથી આવાસની ફાળવણી રદ કરવા અરજી કરવામાં આવેતો નોંધણી ફી રૂ.૭,૫૦૦/- (અંકે સાત હજાર પાંચસો રૂપિયા પુરા) માંથી સત્તામંડળનો વહીવટી ખર્ચ રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પુરા) કાપી લઇ ને બાકીના રૂ.૬૫૦૦/- (અંકે છ હજાર પાંચસો રૂપિયા પુરા) તથા ભરેલ હપ્તાની રકમ વ્યાજ સિવાય પરત ચુકવવામાં આવશે. <u>અરજદારનું નામ વેઇટીંગ યાદીમાં સામેલ હોય તેવા કેસમાં વેઇટીંગ યાદીમાંથી નામ રદ કરાવવા અરજી કર્યેથી ભરેલ ડીપોઝીટની પુરેપુરી રકમ વ્યાજ સિવાય પરત મળી શકશે. ફાળવણી કે વેઇટીંગ યાદીમાંથી નામ રદ થતાં તેઓનો આવાસ મેળવવા અંગેનો હક્ક આપોઆપ રદ થશે. સત્તામંડળ દ્વારા ભવિષ્યમાં થનાર ઓછી આવક ધરાવતા વર્ગની યોજના માટે નક્કી થયેલ વેઇટીંગ યાદી પુર્ણ ન થાય ત્યાં સુધી નવેસરથી કોઇપણ અરજીઓ મંગાવવામાં આવશે નહી.</u> કેન્દ્ર તથા રાજ્ય સરકારની સહાય બાદ કર્યા બાદ જમીનની કિંમત વગર એક યુનિટ આવાસની કિંમત રૂપિયા. ૫,૫૦,૦૦૦/- નિયત કરેલ છે. જે નીચેની વિગતો મુજબની રકમ અરજદાર દ્વારા ભરપાઇ કરવાની રહેશે. જેની ઉપર કોઇ પણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર રહેશે નહિ. અરજદાર અરજી સમયે જમા કરાવવાની નોંધણી ફી રૂ.૭,૫૦૦/- (અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા) તથા ત્યારબાદ નીચે જણાવેલ ટેબલ અનુસારની ચુકવવા પાત્ર રકમ "<u>અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ</u>" ની તરફેણમાં લખેલ તથા અમદાવાદ ખાતે ચુકવવા પાત્ર બેંકર્સ ચેક, પે ઓર્ડર, ડીમાન્ડ ડ્રાફટથી જમા કરાવી શકશે. સદર રકમ જમા થયાની પહોંચ હિસાબી શાખા દ્વારા આપવામાં આવશે.

| અનું | વિગત | નાણાં ભરવાની સમયમર્યાદા (એલોટમેન્ટ હુકમથી) | આવાસ માટેનો લાભાર્થી ફાળો |
|---|---|---|---|
| ૧ | અરજી સમયે | - | ૭,૫૦૦/- |
| ૨ | પ્રથમ હપ્તો | ૨ માસ | ૫૫,૫૦૦/- |
| ૩ | બીજો હપ્તો | ૩ માસ | ૫૭,૦૦૦/- |
| ૪ | ત્રીજો હપ્તો | ૬ માસ | ૮૫,૦૦૦/- |
| ૫ | ચોથો હપ્તો | ૯ માસ | ૮૫,૦૦૦/- |
| ૬ | પાંચમો હપ્તો | ૧૨ માસ | ૮૫,૦૦૦/- |
| ૭ | છઠ્ઠો હપ્તો | ૧૫ માસ | ૮૫,૦૦૦/- |
| ૮ | સાતમો હપ્તો | ૧૮ માસ | ૯૦,૦૦૦/- |
| ૯ | કુલ જમા કરવાની રકમ | (અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા) | ૫,૫૦,૦૦૦/- |

(૧૨) અરજદારે આવાસના લાભાર્થીફાળાની નિયત કરેલ રકમ કિંમત રૂ.૫,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પચાસ હજાર પુરા) ની ચુકવણી થયેથી પ્રથમ બે વર્ષ માટે મેઇન્ટેનન્સ પેટે રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) અલગથી ઔડા કચેરીમાં જમા કરાવવાના રહેશે. ત્યારબાદ સભ્ય તથા વારસદારની બાયોમેટ્રીક રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ થયેથી આવાસનો કબજો સોંપવામાં આવશે.તથા હાલમાં ઇલેકટ્રીક કનેકશન મેળવવા માટે યુજીવીસીએલ/ટોરેન્ટ પાવરમાં ભરવાની થતી રકમ તેમજ ડ્રેનેજ અને પાણીના જોડાણની રકમ ઔડા દ્વારા ભરવામાં આવે છે. સત્તામંડળ દ્વારા ભરપાઇ કરવામાં આવતી આવી કાયદાકીય ફી ની રકમ લાભાર્થીને આપવામાં આવતા આવાસમાં પ્રત્યેક આવાસ દીઠ તેમજ વરાડે પડતી રકમ લાભાર્થીએ ચુકવવાની રહેશે.

(૧૩) આવાસ પેટે નક્કી થયેલ કિંમત/રકમ નિયત સમયમાં ભરપાઇ થયા બાદ જ અરજદારને આવાસ નો કબજો સોંપવામાં આવશે. આવાસનો કબજો લેતા પહેલા ફાળવેલ ફલેટ/આવાસ જોઈ લેવો. જો ફાળવેલ આવાસ/ફલેટ પસંદ ન આવે તો દિન-૧૫ (પંદર) સુધીમાં લેખિત જાણ કરવી. તેમજ ભરેલ ડીપોઝીટ રૂ.૭૫૦૦/-માંથી સત્તામંડળનો વહીવટી ખર્ચ રૂ.૧૦૦૦/- ( અંકે રૂપિયા એક હજાર પુરા) કાપી લઇ ને બાકીના રૂ.૬૫૦૦/-(અંકે છ હજાર પાંચસો રૂપિયા પુરા) તથા ભરેલ હપ્તાની રકમ વ્યાજ સિવાય પરત ચુકવવામાં આવશે. ઉપરોક્ત મુદત બાદ આપની માંગણી ગ્રાહ્ય રાખી શકાશે નહી.

(૧૪) આવાસની ફાળવણી પત્રમાં જણાવેલ હપ્તાની રકમ ભરવાની સમયમર્યાદામાં વિલંબ થશેતો તે બાબતે સત્તામંડળ દ્વારા આનુષાંગિક નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. બંધનકર્તા રહેશે.

(૧૫) ઓનલાઈન અરજીપત્રક ભરતી વખતે જો એક કરતાં વધુ વાર નાણાં જમા થાય તો તેવા કિસ્સામાં અરજદારે પરત લેવા માટે ઔડા કચેરીમાં આધારપુરાવા સાથે સૂચવ્યા મુજબની અરજી કરવાની રહેશે.

(૧૬) લાભાર્થીનું અવસાન થાય તે સમયે નોમીની તરીકે નીમેલા વ્યક્તિને મકાન ફાળવવામાં આવશે. આવા નોમીની કેસમાં જે નવુ કુટુંબ અસ્તિત્વમાં આવશે તેની આવકની મર્યાદા જળવાવી જોઈશે. અન્યથા વધુ આવક મર્યાદાના કિસ્સામાં અરજીફોર્મ રદ કરી રકમ પરત કરવામાં આવશે. ભરેલ ડીપોઝીટ પરત માંગવામાં આવશે તો સીધી લીટીના વારસદારને ડિપોઝીટ વિના વ્યાજે પરત કરવામાં આવશે. અરજદાર દ્વારા વારસદાર તરીકે નિમણૂંક કરેલ વ્યક્તિ અરજદારના મુત્યૃ થવાના પ્રસંગે ફાળવેલ આવાસ વારસદારના નામે તબદીલ કરવા અથવા મળવા પાત્ર રકમ મેળવવા હક્કદાર થશે. તેમજ આ આવાસ અંગેનું કોઈપણ પ્રકારનું માગણું/લ્હેણું ભરપાઈ કરવા જવાબદાર રહેશે. (વારસદાર તરીકે માત્ર સીધીલીટીના વારસો રાખી શકાશે જો સીધીલીટીના વારસો ન હોય તો જ આડીલીટીના કૌટુંબિક સભ્યોની નિમણૂક કરી શકાશે. તે સિવાયના અન્યની નિમણૂક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી).

(૧૭) અરજદારે પસંદગીની જે યોજનાના સ્થળ માટેની રજુઆત કરી છે તે યોજનાના સ્થળ માટે કોમ્પ્યુટર ડ્રો પધ્ધતિથી કોઇપણ માળે મકાન ફાળવવામાં આવશે. તે ફાળવેલ મકાન સિવાય અન્ય સ્થાને કે માળે મકાન ટ્રાન્સફર કરી આપવાની કોઇ માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૧૮) અરજદાર ડ્રો માં સફળ થાય તેથી મકાન ફાળવણી અંગે એનો હક્ક થતો નથી પરંતુ ઔડા દ્વારા સૂચવ્યા મુજબ અધિકૃત નિયમાનુસાર આધાર પુરાવા રજુ કરવાના રહેશે તથા સૂચવ્યા મુજબની જરૂરી રકમ/નાણાં આપેલ મુદ્દતમાં ભરેલ હશે તો જ તેઓની અરજી મકાન ફાળવણી માટે વિચારણામાં લેવામાં આવશે.

(૧૯) સત્તામંડળ દ્વારા યોજના હેઠળના બધા જ આવાસની કબજા સોંપણી થયા બાદ આવાસની કિંમત સાથે વસુલવામાં આવેલ મેઈન્ટેનન્સ ડિપોઝીટની રકમ યોજના અંતર્ગતની કોમન સગવડો તબદીલ કરતી વેળાએ રજીસ્ટર થયેલ સોસાયટીના ખાતામાં જમા કરવામાં આવશે, તે રકમમાંથી સામાન્ય સગવડોની વ્યવસ્થા સોસાયટીએ કરવાની રહેશે. સોસાયટીની રચના અને તેનો વહીવટ સંભાળવા બાબત, મંડળી રજીસ્ટર કરવી તથા અન્ય જવાબદારીઓ સોસાયટીના સભ્યોની રહેશે કોમન સુવિધાઓની જવાબદારી સોસાયટીની રહેશે. અરજદારને આવાસ ફાળવવામાં આવેલ હોય તેઓએ ફરજીયાત આ સોસાયટીના સભ્ય થવાનું રહેશે.

(૨૦) આવાસ મેળવનારે, વેરા સહિતનો તમામ આનુષાંગિક ખર્ચ ભોગવવાનો રહેશે. સરકારે નિયત કરેલ તમામ પ્રકારના વેરા/ચાર્જ તથા વીજળીના માસિક વપરાશના ચાર્જીસ ભરવાના રહેશે. તેમજ આવાસના રજીસ્ટ્રેશન તથા નોંધણી સંબંધિત તમામ ખર્ચ લાભાર્થીએ ભોગવાનો રહેશે. અન્ય કોઈ લીગલ ચાર્જ ભરવાના થાય તો લાભાર્થીએ ભરવાના રહેશે.

(૨૧) આ યોજનાના લાભાર્થીઓ દ્વારા સોસાયટી / મંડળી / એસોસીએશનના નામનું બેંકમાં ખાતુ ખોલાવવાનું રહેશે. બી.યુ.પરમીશન આપ્યા બાદ સામાન્ય સુવિધાઓના મેઇન્ટેનન્સના નાણાં ભરવાની જવાબદારી લાભાર્થીની રહેશે. તથા સોસાયટી

/ મંડળી / એસોસીએશનની રચના કરવામાં ન આવે ત્યાં સુધી આપના મેઇન્ટેનન્સ ડીપોઝીટના ભરેલ નાણાંમાંથી ઔડા દ્વારા સદર યોજનાનું કોમન મેઇન્ટેનન્સના નાણા ભરવામાં આવશે તે અંગે કોઇ વળતર કે વાદવિવાદ કરી શકાશે નહી. જે યોજના અંતર્ગતની સામાન્ય સગવડો તબદીલ કરતી વેળાએ રજીસ્ટર થયેલ સોસાયટી / મંડળી / એસોસીએશનના બેંક ખાતામાં ઔડાએ ચુકવેલ રકમ / નાણાં બાદ કરી બાકી બચતી રકમ / નાણાં જમા કરાવવામાં આવશે. જે રકમમાંથી સામાન્ય સવગડોની મરામત/ નિભાવની જરૂરી વ્યવસ્થા એસોસીએશને કરવાની રહેશે. સોસાયટી / મંડળી/ એસોસીએશનની રચના, નોંધણી કરવી અને તેનો વહીવટ સંભાળવા બાબત તથા અન્ય જવાબદારીઓ સોસાયટી/ મંડળી/ એસોસીએશનના સભ્યોની રહેશે. તથા સામાન્ય સુવિધાઓની જવાબદારીઓ સોસાયટી/મંડળી/એસોસીએશનની રહેશે.

(૨૨) અત્રેથી ફાળવાયેલ આવાસની લીઝ ડીડ કરી આપવામાં આવશે તથા વીજ જોડાણ લાભાર્થીશ્રીના નામે તબદીલ કરવા અંગેની સમગ્ર પ્રક્રિયા અંગેનો આનુષાંગિક ખર્ચ/ડીપોઝીટ લાભાર્થીશ્રીએ ચુકવવાની રહેશે. તથા સદરહું આવાસ યોજના અંગેનું ટોકન ભાડાની જે રકમ હશે તે પ્રતિ માસની ૧ થી ૧૦ તારીખ સુધી સત્તામંડળ ખાતે જમા કરાવવાનું રહેશે. લાભાર્થીઓએ ગેસ જોડાણ સ્વખર્ચે મેળવવાનું રહેશે.

(૨૩) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા આ આવાસો માટે તૈયાર કરેલ રહેણાંક સંકુલમાં કોઇ પણ પ્રકારની ગંદકી ન થાય, સ્વછતા જળવાય તે લાભાર્થીએ જોવાનું રહેશે તથા આ જગ્યાની હરિયાળી સુરક્ષિત રાખવાની રહેશે.

(૨૪) આવાસ લેનાર વ્યક્તિ આવાસોની ઉપર કે આસપાસ કોઇ પણ પ્રકારનું હંગામી કે સ્થાયી બાંધકામ કરી શકશે નહીં. આ આવાસોના ઉપરના માળે કોઇ પણ બાંધકામનો હક્ક અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) પાસે અબાધિત રહેશે.

(૨૫) આવાસોની અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા ફાળવણી કર્યા બાદ આવાસો કે આવાસ સંકુલ કે તેના કોઇ ભાગને કુદરતી અથવા કૃત્રિમ કારણોસર નુકશાન થાય તો તે અંગેની જવાબદારી ફ્લેટ ધારક વ્યક્તિની રહેશે તથા આ અંગે સત્તામંડળ સામે કોઇ પણ જાતનો નુકશાનનો હક્ક દાવો કરી શકાશે નહીં.

(૨૬) આવાસ મેળવનારે વપરાશ પોતે જ કરવાનો રહેશે તે આ હક્ક કોઇ અન્યને ૭ વર્ષ પહેલા ભાડે, વેચાણ, બાનાખત, પાવર ઓફ એર્ટની, ગીરો કે અન્ય કોઇપણ રીતે કામચલાઉ કે કાયમી રીતે તબદીલ કરી શકાશે નહી. બંધિત સમયગાળા બાદ સત્તામંડળ દ્વારા નિયત કરેલ પધ્ધતિનુસાર સત્તામંડળની મંજુરી મેળવીને જ તબદીલી કરવાની રહેશે. તે માટેનો સમયગાળો કબજો સંભાળ્યાની તારીખથી ગણવામાં આવશે.

(૨૭) આ મિલકતોના ફાળવણી કરાર અંગેની કોઇપણ બોલી કે શરતોનો ભંગ થવાના કિસ્સામાં અથવા તો આ મિલકતોનો કોઇપણ રીતે અનઅધિકૃત, ગેરવાજબી, ગેરકાયદેસર કે વિવાદાસ્પદ ઉપયોગ થવાના કિસ્સામાં આવાસના ફાળવણીદાર અથવા વેચાણ રાખનાર તેના કૃત્ય બદલ સંપૂર્ણપણે જવાબદાર રહેશે.

(૨૮) અરજદાર ભારતભરમાં ક્યાંય પણ માલિકીનું/પોતાના નામે/કુટુંબની વ્યકિતનાં નામે આવાસ ધરાવતા નથી તે મતલબનું સ્વ ઘોષણા (Self- Declaration) ડાઉનલોડ કરી રૂ.૫૦/- ના સ્ટેમ્પપેપર ઉપર ફોટોગ્રાફ સાથે નોટરી કરાવીને અપલોડ કરવાનું રહેશે, તથા સોંગદનામાંમા રજૂ કરેલ વિગતો કોઈપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો આવાસની ફાળવણી રદ કરવામાં આવશે, તથા ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨૯) અરજી સ્વીકાર કે અસ્વીકાર બાબતે તથા અન્ય શરતો અથવા તો પ્રક્રિયા બાબતે વિવાદ થવાના કિસ્સામાં મુખ્ય કારોબારી અધિકારી શ્રી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે. જે અરજદારને બંધનકર્તા રહેશે.

(૩૦) દર્શાવેલ પ્લાનીંગ અને બાહ્ય દેખાવ સુચિત છે તેમા ટેકનીકલ જરૂરિયાત મુજબ ફેરફાર થઈ શકે છે. આવાસોના યુનિટ પ્લાન, સ્થળ સ્થિતિ વિગેરેમાં ફેરફાર થઈ શકે છે. જે બાબતે અરજદારનો હક્ક-દાવો, રજુઆતો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. આ યોજનામાં ફેરફાર કરવા અથવા મુલત્વી રાખવાનો સત્તામંડળનો અબાધિત અધિકાર રહેશે. જે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

(૩૧) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ સિવાયની સુવિધા માટેનો તમામ ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહેશે.

(૩૨) લોન અપાવવા અંગેની કોઈ જ જવાબદારી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)ની રહેશે નહિં. ઔડા દ્વારા એમપેનલ કરવામાં આવનાર બેંકો પાસેથી લોન મેળવતી વખતે ટ્રાઈપાર્ટી એગ્રીમેન્ટ કરવાનો રહેશે. આ સિવાયની બેંકો પાસેથી લોન

મેળવવા જરૂરી પુરાવા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) તરફથી અરજદારની માંગણીના અનુસંધાને નિયત ચાર્જ લઈને પુરા પાડવામાં આવશે. લોનના તમામ કેસમાં લોન મેળવવા માટે થતો તમામ ખર્ચ અરજદારે ભોગવવાનો રહેશે.

(૩૩) અરજી કરવાની અંતિમ તારીખ સુધીમાં અરજદારની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થયેલ હોવી જરૂરી છે. ઉંમર અંગે કોઈ મુદ્દો ઉપસ્થિત થાય ત્યારે શાળા છોડાયાનું પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો આખરી ગણાશે.

(૩૪) અરજદારે અરજીપત્રકમાં સૂચવેલ કુલ-૬ (છ) વિકલ્પો પૈકી ૧ (એક) ફોટો દર્શાવતો પુરાવો અને ૨ (બીજું) રહેઠાણનું સરનામું દર્શાવતા (લાઈટબીલ અથવા ટેક્ષબીલ) એમ બંનેના પૂરાવા માટેની પ્રમાણિત નકલ અપલોડ કરવી ફરજીયાત છે. (પતિ અને પત્ની, તેમજ વારસદારના આધારકાર્ડ અવશ્ય અપલોડ કરવાના રહેશે.)

(૩૫) અરજદારે કુટુંબના સભ્યોની વિગતમાં તમામ સભ્યો દર્શાવેલ હોય તેટલા જ સભ્યોના આધારકાર્ડ અપલોડ કરવાના રહેશે.

(૩૬) કોઈપણ યોજનામાં પઝેશન આપવાની પ્રકિયા ચાલુ થયા બાદ વધુમાં વધુ છ માસ સુધીમાં લાભાર્થી દ્વારા સંપૂર્ણ નાણાં ભરેલ ન હોય તો ફાળવેલ આવાસ રદ થશે.(વેઈટીંગના લાભાર્થીઓને લાગુ પડતું નથી)

(૩૭) અરજદારે અરજીપત્રકમાં જણાવેલ મોબાઇલ નંબર ઉપર "ડ્રો" અંગેની જાણકારી એસ.એમ.એસ.થી મોકલવામાં આવશે.

(૩૮) લાભાર્થીની કેટેગરીની ટકાવારી પ્રાયોરીટિ, ડ્રો, ફાળવણી વગેરે અંગે સરકારશ્રીની વખતોવખતંની સુચના અનુસાર જે કોઈ હુકમ થયેલ હોય કે કરવામાં આવે તો તે અંગેનો ફેરફાર ઔડા કરી શકશે. તે અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ઔડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૩૯) આ યોજના અંતર્ગત કોઇ પણ વિસંગતતા ઉપસ્થિત થશે તો તે બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ઔડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

(૪૦) રાજ્ય સરકારની વખતો વખતની સુચના તેમજ નિકાલના નીતિનિયમો ધ્યાને લઇને આવાસની ફાળવણી કરવામાં આવશે. ફાળવણી નિતિનિયમો, ધોરણો વિગેરે સંપૂર્ણપણે સત્તામંડળના નિર્ણયને આધીન રહેશે. સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે જે માન્ય રાખવાનો રહેશે. તદઉપરાંત અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ ઉપરોક્ત શરતોમાં ફેરફાર, સુધારો કે ઉમેરણ કરે તે તથા નવી અન્ય જે કોઈ શરતો નક્કી કરે તે શરતોનું પાલન કરવાનું રહેશે અને તે અરજદારને બંધનકર્તા રહેશે.

(૪૧) કોઈપણ લીટીગેશન અંગેનું ન્યાય ક્ષેત્ર અમદાવાદ રહેશે.

હું મારા ધર્મના સોગંદ ખાઈને આ એકરાર કરૂં છું કે, - મે Online અરજી ફોર્મમાં જણાવેલ તમામે તમામ માહિતી સાચી રીતે ભરી છે. Online ફોર્મમાં જણાવેલ સુચનાઓ તથા માહિતી મેં સમજપૂર્વક વાંચી સમજી વિચારીને વિગતો ભરેલ છે. રજૂ કરવામાં આવેલ માહિતી તથા આધારો સાચા ન હોવાનું પુરવાર થાય તેવા અરજદારના કિસ્સામાં યોજના અંતર્ગત આવાસ ફાળવણી રદ કરવા અંગેનો નિર્ણય થયા બાદ ઉપરોક્ત રૂ.૭,૫૦૦/- (અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા) તથા અન્ય જમા કરેલ રકમ જપ્ત કરવામાં આવશે અને પરત મળવાપાત્ર થશે નહિં. તે અંગેની તમામ સૂચનાઓ તથા શરતો મને સંપૂર્ણપણે કબૂલ મંજૂર અને બંધનકર્તા રહેશે. અને તેનુ પાલન કરવાની ખાતરી પૂર્વક બાંહેધરી આપુ છું.

તારીખ :- પૂરૂં નામ :-

સ્થળ :- સરનામું :-

# સ્વ ઘોષણા
# (Self- Declaration)

આથી હું સહી કરનાર શ્રી/શ્રીમતી ........................................................................ ઉંમર વર્ષ આશરે ............. ધંધો...................................રહેવાસી......................................................................................................................... તાલુકો ......................... જિલ્લો ................................ ધર્મ ................................... આથી મારા ધર્મના સોગંદ સાથે આ સ્વ ઘોષણા દ્વારા નીચે પ્રમાણેની સત્ય વિગતો અંતઃકરણપૂર્વક જાહેર કરતાં પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે...

(૧) ભારત દેશના કોઈપણ સ્થળે મારા કે/મારી પત્ની/પતિ કે કુટુંબના કોઈપણ સભ્યના નામે માલિકીનું રહેણાકનું મકાન કે જમીન નથી.

(૨) મારી તથા મારા કુટુંબની છેલ્લા વર્ષની બધા સાધનોમાંથી વાર્ષિક આવક રૂ. ................................. છે.

(૩) હું ....................................... કેટેગરીની વ્યક્તિ છું. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) તરફથી ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે ફાળવવામાં આવનાર મકાનો અંગે જે નીતિ નિયમો કરવામાં આવ્યા છે તે મને બંધનકર્તા છે અને ભવિષ્યમાં જે ફેરફાર કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.

(૪) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) તરફથી મને જે મકાન ફાળવવામાં આવશે તે અંગેના રજૂ કરાવવાના થતા પૂરાવા તથા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) જણાવે તે મુજબના નિયત સમયમાં હપ્તાની રકમ દંડ કે દંડનીય વ્યાજ, વેરો કે ઈતર રકમ રજીસ્ટ્રેશનનો ખર્ચ/રકમ તે હું અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)માં અથવા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા અધિકૃત કરવામાં આવનાર સંસ્થામાં નિયત સમયમાં આપવા બંધાઉ છું.

(૫) ઓછી આવક ધરાવતા વર્ગની આ યોજના હેઠળ રચવામાં આવતા એસોશીએશનનો હું સભ્ય થવા સંમત થાઉ છું અને તેના નીતિ નિયમોનું પૂર્ણપણે પાલન કરીશ.

(૬) વધુમાં મને કબૂલ મંજૂર છે કે, મેં આ યોજનામાં એક જ અરજી કરેલ છે અને તે પણ અસલ પ્રમાણપત્રમાં જ, કારણ કે અરજીપત્રકની કોઈપણ પ્રકારની નકલ સ્વીકાર્ય નથી. જો કોઈપણ નંબરના અરજીપત્રકની ફોટોકોપી કરવામાં આવેલ હશે તો ફોટોકોપી તેમજ તે નંબરનું અસલ અરજીપત્રક પણ રદ કરવામાં આવશે. તેની પણ મને જાણ છે.

(૭) અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) તરફથી આવાસની ફાળવણી પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત થયેલ હોય તે પૈકી PMAY ના ચાર ઘટક જેવા કે AHP (એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેકટ), BLC (બેનીફીશીયરી લીડ કન્સ્ટ્રકશન), CLSS (ક્રેડીટ લીન્ક સબસીડી), ISSR (ઈન સીટુ સ્લમ રીહેબીલીટેશન) માંથી એક જ ઘટકમાં સહાય મળવાપાત્ર છે. ઉપરોક્ત ચાર પૈકી કોઈપણ ઘટકમાં જો લાભ મેળવેલ હશે તો અરજીફોર્મ/ફાળવેલ આવાસ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા રદ કરી ભરેલ રકમ જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. જેની મને જાણ છે.

(૮) ઉપરોક્ત પૈકી જો કોઈ વિગતો ખોટી ઠરશે તો અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) દ્વારા ઈન્ડીયન પીનલ કોડ ની કલમ જેવી કે ૧૭૭, ૧૯૧ કે ૧૯૯ ને આધીન અથવા જે કોઈ નિર્ણય/કાર્યવાહી કરશે તે મને કબૂલ મંજૂર અને બંધનકર્તા રહેશે.

| | |
|---|---|
| સ્થળ: | અરજદારનું નામ:- |
| તારીખ: | અરજદારની સહી:- |
| | આધાર કાર્ડ/ઓળખના પુરાવાનો નંબર:- |